# પ્રો-એક્ટીવ ડિસ્ક્લોઝર

## ૧.સાબરમતી રીવરફ્રન્ટ ડેવલપમેન્ટ પ્રોજેકટનું વ્યવસ્થાતંત્ર તથા કાર્ય અને ફરજો નીચે જણાવ્યા પ્રમાણે છે.

## પોતાના વ્યવસ્થાતંત્ર,કાર્યો અને ફરજોની વિગતો.

| અ.નં. | નામ | હોદ્દો |
|---|---|---|
| ૧. | શ્રી અમૃતેશ ઔરંગાબાદકર, આઇ.એ.એસ. | એકઝીક્યુટીવ ડાયરેકટર |
| ૨. | શ્રી જગદીશભાઇ એ.પટેલ | ચીફ જનરલ મેનેજર (ટેક.) |
| ૩. | શ્રી દિપકભાઇ પટેલ | જનરલ મેનેજર (એડમીન અને ફાઇનાન્સ) |
| ૪. | (અધિકારીની નિમણુંક બાકી છે) | જનરલ મેનેજર (પ્લાનીગ અને ડેવ.) |
| ૫. | શ્રી વિશાલભાઇ નાયક | જનરલ મેનેજર (ઇલેક્ટ્રીકલ) |
| ૬. | ડૉ. આસિફ મેમન | જનરલ મેનેજર (ગાર્ડન) |
| ૭. | શ્રી પલ્કેશભાઇ પરીખ | ડે.જનરલ મેનેજર (ટેક.) ઇન્ચાર્જ |
| ૮. | શ્રી એ.એ.મલ | ડે.જનરલ મેનેજર (લાઇટ) |
| ૯. | શ્રી દિપક નાયક | ડે.જનરલ મેનેજર (ઓપરેશન) |
| ૧૦. | શ્રી શુશાંત ભટ્ટ | ડે.જનરલ મેનેજર (માર્કેટીગ) |
| ૧૧. | શ્રી દિપાબેન દવે | ડે.મેનેજર (અર્બન પ્લાનર) |
| ૧૨. | શ્રી વાય.વી.જોષી | આસી.ટી.ડી.ઓ. (પ્લાનીગ અને ડેવ.) |
| ૧૩. | શ્રી મનિષભાઇ શાહ | ડે.એચ.ઓ.ડી. (આર એન્ડ આર) |
| ૧૪. | શ્રીમતી દિશા શાહ | આસી. મેનેજર (એચ.આર.) |
| ૧૫. | શ્રી કલ્પેશ પટેલ | આસી. મેનેજર (એડમીન) |
| ૧૬. | શ્રી મહેન્દ્રભાઇ રાઠોડ | આસી.સીટી.એન્જીનીયર (ટેક.) |
| ૧૭. | શ્રી મનિષ પટેલ | આસી.સીટી.એન્જીનીયર (ટેક.) |
| ૧૮. | શ્રીમતી અર્પિતા જે. મીસ્ત્રી | આસી.સીટી.એન્જીનીયર(લાઇટ) |

## સાબરમતી રિવરફ્રન્ટ ડેવ.પ્રોજેક્ટ ફેઝ-૦૧ : પૂર્વ તથા પશ્ચિમ કાંઠે ડફનાળા થી વાસણા બેરેજ સુધી

સાબરમતી નદીના બંને કાંઠાનો ૧૧.૫૦ કિ.મી. વિસ્તારનો વિકાસ કરી અમદાવાદ શહેરના નાગરિકો માટે આનંદપ્રમોદ અને મનોરંજનના સાધનો ઉભા કરવા ઉપરાંત અનેકવિધ ઉદ્દેશો ધરાવતા સાબરમતી રીવર ફ્રન્ટ ડેવલપમેન્ટ પ્રોજેકટને ઝડપથી, સરળતાથી તથા અસરકારક રીતે સાકાર કરવાના હેતુસર અમદાવાદ મ્યુનિ.કોર્પોરેશન દ્વારા સને ૧૯૯૭ માં કંપનીધારા ૧૯૫૬ હેઠળ સાબરમતી રિવરફ્રન્ટ ડેવલપમેન્ટ કોર્પોરેશન લી.(SRFDCL) સ્વાયત્ત કંપનીની સ્થાપના કરવામાં આવેલ છે.જેના દ્વારા નદી કાંઠાનો વિકાસ કરવામાં આવેલ છે.સાબરમતી નદીના શુદ્ધિકરણ સાથે અમદાવાદના પર્યાવરણની જાળવણી સારૂ આ રીવરફ્રન્ટ ડેવલપમેન્ટ પ્રોજેકટના બંને કાંઠાના વિઝનરી વિકાસ આયોજન અંગેની તથા પર્યાવરણીય પાસાઓ સાથે નદીના બંને કાંઠે ઠલવાતા સુએજને સુએજ ટ્રીટમેન્ટ પ્લાન્ટ સુધી ડાયવર્ટ કરવા અંગેની અને તેને સંલગ્ન કામગીરી આ યોજનામાં કરવામાં આવેલ છે.

નદીની પહોળાઈ સરેરાશ ૨૬૨ મીટર રાખી નદીનાં કિનારાની જગ્યા ઉપર વોક-વે, બાગ-બગીચા, રોડ, અંડરપાસ, વોટર બેઝડ એકટીવીટીઝ વગેરે કરી આનંદ પ્રમોદનાં સ્થળ તરીકે વિકાસાવવાનું કામ હાથ ધરવામાં આવેલ છે.આ યોજના બાદ કુલ ૨૦૪ હેકટર રિકલેઈમ્ડ લેન્ડ પ્રાપ્તથયેલ છે.

## સાબરમતી રિવરફ્રન્ટ ડેવલપમેન્ટ પ્રોજેક્ટ ફેઝ-૦૧ ની વિશિષ્ટ લાક્ષણિકતાઓ

- સાબરમતી નદીમા આવતા ગંદા પાણીને વાસણા બરાજ થી આગળ તૈયાર કરવામાં આવેલ સુએજ ટ્રીટમેન્ટ પ્લાન્ટમા વાળવા નદીના બંને કાંઠા પર ઇન્ટરસેપ્ટર સુએજની લાઇન, સુએજ ડાયવર્ઝન ચેમ્બર્સ તથા પંમ્પીગ સ્ટેશન સહિતની કામગીરી પૂર્ણ કરી કાર્યરત કરેલ છે.
- પ્રોજેક્ટ અંતર્ગત આશરે ૫,૦૦,૦૦૦થી પણ વધુ વૃક્ષોનુ રોપણ પૂર્ણ કરી દેવામાં આવેલ છે. વિકાસ માટે પ્રાપ્તથનાર ૨૦૪ હેક્ટર જમીન પૈકી આશરે ૮૫% થી વધુ વિસ્તારનો ઉપયોગ ગ્રીન સ્પેસ-બાગ બગીચા અને ખુલ્લી જગ્યા તરીકે કરવામાં આવનાર છે,
- ૧૨૦૦ જેટલા ફેરીયાઓના રોજી રોટીના અવકાશ માટે પાર્કિંગ, ટોયલેટ બ્લોક્સ, ફુડ કોર્ટસ વિગેરે જેવી આધુનિક સુવિધાયુક્ત નદીની પૂર્વ બાજુ એલીસબ્રીજ અને સરદારબ્રીજ વચ્ચે ઈન્ફોર્મલ માર્કેટ બનાવવામાં આવેલ છે.
- નદીમા વર્ષોથી કાર્યરત ધોબીના વ્યવસાય સાથે સંકળાયેલ લોકો માટે આધુનિક સગવડો સાથેનો ૧૬૮ જેટલા યુનિટની ક્ષમતાવાળો નદીની પૂર્વબાજુ ધોબીઘાટ બનાવવામા આવેલ છે.
- એલીસબ્રીજ અને સરદારબ્રીજની વચ્ચે ૩૦૦ મીટર લંબાઈમા ૨૬૦૦ મે.ટન લોખંડનો ઉપયોગ કરી આઈકોનિક અટલ બ્રીજ બનાવવામાં આવેલ છે.
- નદીના પશ્ચિમ કાંઠે એન.આઈ.ડી.ના પાછળના ભાગે આશરે ૩૭૦૦૦ ચો.મી. વિસ્તારમા તથા નદીના પૂર્વ કાંઠે માસ્ટર કોલોની પાસે આશરે ૭૦૦૦ ચો.મી. વિસ્તારમાં આધુનિક સ્પોર્ટસ કોમ્પ્લેક્ષનુ કામ પૂર્ણ થયેલ છે.
- વી.એસ. હોસ્પીટલ પાસે, ફલાવર પાર્કની સામે ૧૦૦૦ ગાડીઓની ક્ષમતાવાળુ મલ્ટીલેવલ કાર પાર્કિંગની કામગીરી પૂર્ણ થયેલ છે. જેનો ઉપયોગ ઈવેન્ટ સેન્ટર, ફૂટ ઓવરબ્રીજ, ફલાવર પાર્ક તથા વી.એસ. હોસ્પીટલમાં આવતા મુલાકતીઓ કરી રહયા છે.

## સાબરમતી રીવરફ્રન્ટ ડેવલપમેન્ટ પ્રોજેકટ ફેઝ-૨: પૂર્વ તથા પશ્ચિમ કાંઠે ઈન્દિરાબ્રીજ થી ડફનાળા સુધી

સા.રી.ફ્ર.ડે.કો.લી. દ્વારા નદીની પૂર્વ તરફે વાસણા બેરેજથી શાહીબાગ ડફનાળા તથા નદીની પશ્ચિમ તરફે વાસણા બેરેજથી ટોરેન્ટ પાવર સુધી વિકસાવવામાં આવેલ છે. સદર પ્રોજેક્ટને સાબરમતી રીવરફ્રન્ટ ડેવલપમેન્ટ કોર્પોરેશન લી.ની તા.૩૧.૦૮.૨૦૧૭ના રોજની પ્રોજેકટ કમિટિ તથા તા.૩૧.૦૩.૨૦૧૮ના રોજની ૯૮ મી બોર્ડ મીટીંગમાં નદીની પૂર્વ દિશાએ શાહીબાગ ડફનાળાથી ઈન્દીરાબ્રીજ સુધી (૫.૮ કી.મી.)તથા પશ્ચિમ દિશાએ ટોરેન્ટ પાવરથી ઈન્દીરાબ્રીજ સુધી (૫.૨ કી.મી.) લંબાવવા મંજુરી મળેલ છે.જે અંતર્ગત નદીના પૂર્વ કાંઠે ડફનાળાથી સદર બજારની વચ્ચે ડાયાફ્રામ વોલ તથા રીટેઈનીગ વોલનું કામ પૂર્ણ થયેલ છે. તથા તેનું લોકાર્પણ પણ કરવામાં આવેલ છે. આ જગ્યાએ હાલમાં રોડનું કામ ચાલુ છે. આ ઉપરાંત પૂર્વ કાંઠે સદર બજાર થી ઈન્દિરા બ્રિજ સુધીનું ડાયાફ્રામ વોલ તથા લોઅર પ્રોમીનાડનું કાર્ય પૂર્ણ થયેલ છે. પશ્ચિમ કાંઠે સુચિત બેરેજ થી ઈંદિરાબ્રિજ સુધીનું ડાયાફ્રામ વોલ તથા લોઅર પ્રોમીનાડનું કામ પૂર્ણ થયેલ છે. હાલમાં પૂર્વ કાંઠે સદર બજાર થી ઈન્દિરા બ્રીજ સુધી તથા પશ્ચિમ કાંઠે ટોરેન્ટ પાવર થી ઈન્દીરા બ્રિજ સુધી રીટેઈનીગ વોલ અને સ્ટેપ્ડ એમ્બેકમેન્ટનું કામ ચાલુ છે. આ ઉપરાંત પશ્ચિમ કાંઠે ટોરેન્ટ પાવર થી પૂર્વ કાંઠે સદર બજારની વચ્ચે સુચિત બેરેજ કમ બ્રિજનું કામ પણ ચાલુ છે.

આ રોડ નેટવર્ક ટ્રાફીક ઓછો કરશે અને બંને બાજુના લોકોની સુવિધામાં વધારો કરશે. આ નેટવર્ક ગાંધીનગર, ઉત્તર ગુજરાત, નરેન્દ્ર મોદી ક્રિકેટ સ્ટેડીયમ, બુલેટ ટ્રેન સ્ટેશન, સાબરમતી રેલ્વે સ્ટેશન અને એરપોર્ટને જોડશે.

**<u>સાબરમતી રીવરફ્રન્ટ ડેવલપમેન્ટ પ્રોજેક્ટ ફેઝ-૩ : ઇન્દિરા બ્રિજ થી નર્મદા મેઇન કેનાલ સુધી</u>**

ફેઝ-૨ સાથે ફેઝ-૩ પણ પ્લાન કરવામાં આવી રહયુ છે. ફેઝ-૩ ની લંબાઇ ૫.૦૦ કિ.મી. છે જે ઇન્દિરા બ્રિજ થી નર્મદા મેઇન કેનાલ સુધી છે. ગુજરાત સરકાર સાથે શોભા રિયાલિટીના ૩૦.૦૯.૨૦૨૩ ના રોજ થયેલા એમ.ઓ.યુ. મુજબ મેસર્સ શોભા રિયાલિટી, દુબઇ એ ફેઝ-૩ માટે પરોપકારના નામે રુ. ૧૦૦૦ કરોડ ખર્ચવાની જાહેરાત કરી હતી. જે માટે ડાયાફ્રામ વોલ તથા લોઅર પ્રોમીનાડના કામના ટેન્ડરો મે.શોભા દ્વારા ફાઇનલ કરી કોન્ટ્રાક્ટરોને L.O.I. આપવામાં આવેલ છે.

**<u>એન્ટરટેઇન્મેન્ટ હબ</u>**

ઇમેજિકા ગ્રૂપ દ્વારા અટલ બ્રિજની ઇસ્ટ બાજુ ૧૧ એકરની જમીનમાં એન્ટરટેઇન્મેન્ટ હબ ડેવલપ કરવામાં આવશે. જેની ટોટલ પ્રોજેક્ટ કોસ્ટ રુ.૧૩૦ કરોડ છે. જેમાં વિવિધ પ્રકારની ઇન્ટરનેશનલ રાઇડ નો સમાવેશ થશે.

# ૨.પોતાના અધિકારીઓ અને કર્મચારીઓની સત્તાઓ અને ફરજો.

| અ.નં. | અધિકારીશ્રી તથા તેમનો હોદ્દો | સત્તાઓ અને ફરજો |
|---|---|---|
| ૧. | **શ્રી આઇ.પી. ગૌતમ,** આઈ.એ.એસ. (રીટાયર્ડ)<br>ચેરમેન | તેઓશ્રી કંપનીના અધ્યક્ષ સ્થાને બોર્ડનું નેતૃત્વ કરે છે અને તેને લગતી વ્યુહાત્મક બાબતો પર ધ્યાન કેન્દ્રિત કરે છે. |
| ૨. | **શ્રી બંછાનિધિ પાની,** આઈ.એ.એસ.<br>મ્યુનિસિપલ કમિશનરશ્રી હોદ્દાની રૂએ કંપનીના મેનેજીંગ ડાયરેકટરશ્રી | તેઓશ્રી કંપનીને લગતા મહત્વપૂર્ણ નિર્ણયો લેવાની સક્ષમ સત્તા છે. જે સંસ્થાની એકંદર કામગીરી અને વ્યુહાત્મક બાબતોનું નેતૃત્વ કરે છે. |
| ૩. | **શ્રી અમૃતેશ ઔરંગાબાદકર,** આઈ.એ.એસ.<br>એકઝીક્યુટીવ ડાયરેકટરશ્રી / ડે.મ્યુનિસિપલ કમિશનરશ્રી | કંપનીના રોજબરોજના કાર્યોના સંચાલક છે. |
| ૪. | **શ્રી જગદીશભાઇ એ.પટેલ**<br>ચીફ જનરલ મેનેજર (ટેક.) | પ્રોજેકટને લગતા ટેકનીકલ કાર્યો. |
| ૫. | **શ્રી દિપકભાઇ પટેલ**<br>જનરલ મેનેજર (એડમીન અને ફાયનાન્સ) | કંપનીને લગતાં વહીવટી અને નાણાંકીય કાર્યો. |
| ૬. | **(અધિકારીની નિમણુંક બાકી છે)**<br>જનરલ મેનેજર (પ્લાનીંગ અને ડેવ.) | પ્રોજેકટ વિસ્તારમાં પ્લાનીંગ અને ડેવલપમેન્ટને લગતા કાર્યો. |
| ૭. | **ડૉ. આસિફ મેમન,** જનરલ મેનેજર (ગાર્ડન) | પ્રોજેક્ટ વિસ્તારમાં વૃક્ષ, છોડ તથા ગાર્ડનને લગતા કાર્યો. |
| ૮. | **શ્રી વિશાલભાઇ નાયક**<br>જનરલ મેનેજર (લાઈટ) | પ્રોજેકટ વિસ્તારમાં લાઈટ તથા તમામ ઈલેકટ્રીકલ ઉપકરણોને લગતા કાર્યો. |
| ૯. | **શ્રી મનીષભાઇ શાહ**<br>ડે.એચ.ઓ.ડી.,(આર એન્ડ આર) | પ્રોજેકટના રીહેબીલીટેશન અને રીસેટલમેન્ટ ને લગતી તમામ વહીવટી કામગીરીનુ સંકલન અને અમલીકરણ. |
| ૧૦. | **શ્રી એ.એ.મલ**<br>ડે.જનરલ મેનેજર (લાઈટ) | પ્રોજેકટ વિસ્તારમાં લાઈટ તથા તમામ ઈલેકટ્રીકલ ઉપકરણોને લગતા કાર્યો. |
| ૧૧. | **શ્રી દિપાબેન દવે**<br>ડે.મેનેજર (અર્બન પ્લાનર) | પ્રોજેકટને લગતાં અર્બન પ્લાનીંગની કામગીરી. |
| ૧૨. | **શ્રી વાય.વી. જોષી,** આસી.ટી.ડી.ઓ. | પ્રોજેકટને લગતાં એસ્ટેટ, ટાઉન ડેવલપમેન્ટ ની કામગીરી. |
| ૧૩. | **શ્રી શુશાંત ભટ્ટ**<br>ડે.જનરલ મેનેજર (માર્કેટીંગ) | પ્રોજેક્ટના માર્કેટીંગને લગતા તમામ કાર્યો. |

## ૩. દેખરેખ અને જવાબદારીના માધ્યમ સહિત નિર્ણય લેવાની પ્રક્રિયામાં અનુસરવાની કાર્યરીતિ.

પ્રોજેકટને તથા કંપનીને લગતાં રોજબરોજના કાર્યોનુ સંચાલન જુદા જુદા વિભાગ સંભાળતાં અધિકારીશ્રીઓ દ્વારા કરવામાં આવે છે નીચે દર્શાવ્યા મુજબ તેમજ નિતી વિષયક બાબતો અંગેના નિર્ણયો કંપનીના બોર્ડ ઓફ ડીરેકટરર્સની મીટીંગતથા સબમીટીંગમાં લેવામાં આવે છે.

## <u>સાબરમતી રીવર ફ્રન્ટ ડેવલપમેન્ટ કોર્પોરેશન લીમીટેડનાં પાંચ વિભાગ છે</u>

| | | |
|---|---|---|
| **ટેકનીકલ વિભાગ** | : | પ્રોજેકટનાં બાંધકામને લગતાં તમામ ઈજનેરી કામોની કામગીરી કરે છે. |
| **વહીવટી અને નાંણા વિભાગ** | : | કચેરીનાં સામાન્ય વહીવટ તથા નાણાંકીય બાબતોની કામગીરી કરે છે. |
| **ટી.ડી.ઓ.વિભાગ** | : | સાબરમતી રીવર ફ્રન્ટ પ્રાજેકટનાં એસ્ટેટ ટાઉન ડેવલપમેન્ટ અને અર્બન પ્લાનીંગને લગતી તમામ કામગીરી કરે છે. |
| **લાઈટ વિભાગ** | : | પ્રોજેકટ વિસ્તારમાં લાઈટ તથા તમામ ઈલેકટ્રીકલ ઉપકરણોને લગતી કામગીરી કરે છે. |
| **ગાર્ડન વિભાગ** | : | પ્રોજેક્ટ વિસ્તારમાં વૃક્ષ, છોડ તથા ગાર્ડનને લગતી કામગીરી કરે છે. |

# ૪.પોતાના કાર્યો બજાવવા માટે પોતે નક્કી કરેલ ધોરણો.

સાબરમતી રિવરફ્રન્ટ ડેવલપમેન્ટ પ્રોજેક્ટ અંતર્ગત શહેરીજનો માટે આનંદપ્રમોદ અને મનોરંજનના હેતુસર નદીની પૂર્વ બાજુ સુભાષબ્રીજ પાસે રિવરફ્રન્ટ પાર્ક અને ચિલ્ડ્રન પાર્ક,નદીની પશ્ચિમ બાજુ ઉસ્માનપુરા પાસે રિવરફ્રન્ટ પાર્ક, નદીની પશ્ચિમ બાજુ એલીસબ્રીજ પાસે ફલાવરપાર્ક વિગેરે વિકસાવવામાં આવેલ છે.જેમાં શહેરીજનો દ્વારા મુલાકાત લેવામાં આવે છે.

રિક્રીએશન એક્ટીવિટીના ભાગરૂપે શહેરીજનો માટે નદીના પશ્ચિમ કિનારે ઉસ્માનપુરા રિવરફ્રન્ટ પાર્ક ખાતે તથા વલ્લભસદન ખાતે બોટીંગની સુવિધા ઉપલબ્ધ કરવામાં આવેલ છે.

રિવરફ્રન્ટ પ્રોજેક્ટમાં નદીના પૂર્વ બાજુ સુભાષબ્રીજ રિવરફ્રન્ટ પાર્ક ખાતે, નદીના પશ્ચિમ બાજુ ઉસ્માનપુરા રિવરફ્રન્ટ પાર્ક ખાતે તથા સરદારબ્રીજ નીચે લોઅર પ્રોમીનાડ પર સાયકલ શેરીંગ પ્રોજેક્ટના ભાગરૂપે શહેરીજનો માટે સાયકલ શેરીંગ, ઈલેક્ટ્રીક સ્કુટર (બુઝ બાઈક) ની સુવિધા કાર્યરત કરવામાં આવેલ છે જેને શહેરીજનો દ્વારા સારો પ્રતિસાદ મળેલ છે.

ટાગોર હોલ પાસે ઈવેન્ટ સેન્ટરનું નિર્માણ કરવામાં આવેલ છે જેમા શહેરીજનો/સંસ્થાઓ દ્વારા સામાજીક, ધાર્મિક, સાંસ્કૃતિક, પ્રદર્શનો, સંગીત કાયર્ક્રમો યોજવામાં આવે છે તથા સરકારશ્રી દ્વારા સરકારી કાર્યક્રમો યોજવામાં આવે છે.

શહેરીજનો પ્રકૃતિને નજીકથી માણી શકે તથા પક્ષીઓના સંવર્ધન હેતુ રિવરફ્રન્ટ પ્રોજેક્ટમાં નદીની પશ્ચિમ બાજુ આંબેડકરબ્રીજ પાસે બાયો-ડાયવર્સિટીનુ નિર્માણ કરવામાં આવેલ છે. આ ઉપરાંત સાબરમતી રિવરફ્રન્ટની પશ્ચિમ બાજુએ એલિસબ્રિજ અને નહેરૂબ્રિજ ની વચ્ચે નવિનિકરણ કરી બી.જે.પાર્કનું નિર્માણ કરવામાં આવેલ છે. આ પાર્ક તા.૨૯/૧૨/૨૦૨૩ થી જાહેર જનતા માટે ખુલ્લો મૂકવામાં આવેલ છે. સદર પાર્કમાં વર્ષો જુના વૃક્ષો, ચિલ્ડ્રન પ્લે એરીયા, ઓપન જિમ ઈક્વીપમેન્ટસ તેમજ અન્ય મનોરંજનના સાધનો ઉપલબ્ધ છે.

**૫. પોતાના કાર્યો બજાવવા માટે પોતાની પાસેના અથવા પોતાના નિયંત્રણ હેઠળના અથવા પોતાના કર્મચારીઓ દ્વારા ઉપયોગમાં લેવાતા નિયમો,વિનિયમો,સૂચનાઓ,નિયમસંગ્રહો અને રેકર્ડ.**

- કંપની એક્ટ ૨૦૧૩ મુજબ કંપનીનું સંચાલન કરવામાં આવે છે.
- અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા બહાર પાડવામાં આવતા સરક્યુલરો, ઓફિસ ઓર્ડર તથા ઠરાવો.

# ૬.પોતાની પાસે અથવા પોતાના નિયંત્રણ હેઠળ હોય તેવા દસ્તાવેજોના વર્ગોનું પત્રક.

૧. મેમોરેન્ડમ ઓફ આર્ટીકલ.
૨. આર્ટીકલ્સ ઓફ એસોસીયેશન.
૩. ઈન્ફોર્મેશન રીલેટેડ ટુ બોર્ડ ઓફ ડીરેક્ટર્સ.
૪. પ્રોજેક્ટ રીલેટેડ ડોક્યુમેન્ટસ એન્ડ મેપ્સ.
૫. કન્સેશન એગ્રીમેન્ટ

**૭.તેની નીતિ અથવા તેના અમલીકરણના ઘડતરના સંબંધમાં જનતાના સભ્યો સાથે વિચારવિનિમય માટે અથવા તેમના નામ દ્વારા રજૂઆત માટેની વિધ્યમાન કોઈ ગોઠવણની વિગતો.**

કંપનીના બોર્ડ ઓફ ડીરેક્ટર્સમાં અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના માનનીય મેયરશ્રી, સ્ટેન્ડીંગ કમિટિ ચેરમેનશ્રી અને મ્યુનિસિપલ કોર્પોરેશનના વિરોધપક્ષના નેતાશ્રી આમ ત્રણેયનો પ્રજાના પ્રતિનિધિઓ તરીકે સમાવેશ કરવામાં આવેલ છે તથા તેઓશ્રીઓ પ્રોજેક્ટ તેમજ કંપનીના નીતિ વિષયક નિર્ણયોમાં મહત્વની ભુમિકા ભજવે છે.

૮. તેના ભાગ તરીકે અથવા તેની સલાહના હેતુ માટે બે અથવા તેથી વધુ વ્યક્તિઓના બનેલા બોર્ડ, કાઉન્સિલો, સમિતિઓ અને બીજા મંડળોની બેઠકો માટે ખુલ્લી છે કે કેમ અથવા તેવી બેઠકોની કાર્યનોંધો લોકોને મળવાપાત્ર છે કે કેમ?

ના.

# ૯. તેના અધિકારીઓ અને કર્મચારીઓની માહિતી પુસ્તિકા.

| અ.નં. | નામ | હોદ્દો |
|---|---|---|
| ૧. | શ્રી અમૃતેશ ઔરંગાબાદકર, આઈ.એ.એસ. | એકઝીક્યુટીવ ડાયરેકટર |
| ૨. | શ્રી જગદીશભાઇ એ.પટેલ | ચીફ જનરલ મેનેજર (ટેક.) |
| ૩. | શ્રી દિપકભાઇ પટેલ | જનરલ મેનેજર (એડમીન અને ફાઈનાન્સ) |
| ૪. | (અધિકારીની નિમણુંક બાકી છે) | જનરલ મેનેજર (પ્લાનીંગ અને ડેવ.) |
| ૫. | શ્રી વિશાલભાઇ નાયક | જનરલ મેનેજર (ઈલેક્ટ્રીકલ) |
| ૬. | ડૉ. આસિફ મેમન | જનરલ મેનેજર (ગાર્ડન) |
| ૭. | શ્રી પલ્કેશભાઇ પરીખ | ડે.જનરલ મેનેજર (ટેક.) ઈન્ચાર્જ |
| ૮. | શ્રી એ.એ.મલ | ડે.જનરલ મેનેજર (લાઈટ) |
| ૯. | શ્રી દિપક નાયક | ડે.જનરલ મેનેજર (ઓપરેશન) |
| ૧૦. | શ્રી શુશાંત ભટ્ટ | ડે.જનરલ મેનેજર (માર્કેટીંગ) |
| ૧૧. | શ્રી દિપાબેન દવે | ડે.મેનેજર (અર્બન પ્લાનર) |
| ૧૨. | શ્રી વાય.વી.જોષી | આસી. ટી.ડી.ઓ. (પ્લાનીંગ અને ડેવ.) |
| ૧૩. | શ્રી મનિષભાઇ શાહ | ડે.એચ.ઓ.ડી. (આર એન્ડ આર) |
| ૧૪. | શ્રીમતી દિશા શાહ | આસી. મેનેજર (એચ.આર.) |
| ૧૫. | શ્રી કલ્પેશ પટેલ | આસી. મેનેજર (એડમીન) |
| ૧૬. | શ્રી મહેન્દ્રભાઇ રાઠોડ | આસી.સીટી.એન્જીનીયર (ટેક.) |
| ૧૭. | શ્રી મનિષ પટેલ | આસી.સીટી.એન્જીનીયર (ટેક.) |
| ૧૮. | શ્રીમતી અર્પિતા જે. મીસ્ત્રી | આસી.સીટી.એન્જીનીયર(લાઈટ) |

**૧૦.તેના વિનિયમોમાં જોગવાઈ કર્યા પ્રમાણે વળતરની પધ્ધતિ સહિતતેના દરેક અધિકારીઓ અને કર્મચારીઓને મળતાં માસિક વળતર.**

અમદાવાદ મ્યુનિ.કોર્પોરેશન માંથી ફાળવવામાં આવેલ કર્મચારીઓને માસિક વળતર મ્યુનિસિપલ કોર્પોરેશનના ધારા-ધોરણો મુજબ કરવામાં આવે છે.જ્યારે અત્રે કંપનીમાં કન્સલટન્ટ તરીકે રાખવામાં આવેલ કન્સલટન્ટોને તથા અન્ય કાર્યો માટે રાખવામાં આવેલ કર્મચારીઓને નક્કી થયા મુજબ ઉચ્ચક ફી/પગાર વળતર રૂપે આપવામાં આવે છે.

## ૧૧.તમામ યોજનાઓ,સૂચિત ખર્ચ અને કરેલ વંહેચણી પરના અહેવાલોની વિગતો દર્શાવતી તેની દરેક એજન્સીને ફાળવેલ અંદાજપત્ર

લાગુ પડતુ નથી.

**૧૨. ફાળવેલ રકમો અને એવા કાર્યક્રમોના લાભાર્થીઓની વિગતો સહિત આર્થિક સહાય કાર્યક્રમોની અમલ બજવણીની રીત.**

લાગુ પડતુ નથી.

**૧૩. તેણે આપેલ છુટછાટો, પરવાનગીઓ અથવા અધિકૃતિઓ મેળવનારની વિગતો.**

લાગુ પડતુ નથી.

## ૧૪.ઈલેક્ટ્રોનીક સ્વરૂપમાં તેને ઉપલબ્ધ અથવા તેણે ધરાવેલ માહિતી ને લગતી વિગતો.

# પ્રોજેક્ટ ડીટેઈલ્સ

(1) https://sabarmatiriverfront.com

(2) www.ahmedabadcity.gov.in

૧૫.જાહેર ઉપયોગ માટે નિભાવવામાં આવતા હોય તે તેવા ગ્રંથાલય અથવા તેના વાંચનાલયના કામકાજના કલાકો સહિતની માહિતી મેળવવા માટે નાગરિકોને ઉપલબ્ધ સુવિધાઓની વિગતો.

લાગુ પડતુ નથી.

# ૧૬.જાહેર માહિતી અધિકારીઓના નામો,હોદ્દોઓ અને બીજી વિગતો.

વિભાગનુ નામ:- સાબરમતી રિવરફ્રન્ટ ડેવલપમેન્ટ કોર્પોરેશન લી.

ફોન નં.૦૭૯-૨૬૫૮૦૪૩૦, ઈ-મેઈલ :- office@srfdcl.com

| અ.નં. | સા.રી.ફ.ડે.કો.લી.ના વિભાગનું નામ | જાહેર માહિતી અધિકારી | અપીલ અધિકારી |
|---|---|---|---|
| ૧. | એડમીન અને ફાઈનાન્સ | શ્રી દિશા શાહ, આસી.મેનેજર(એચ.આર.)<br>મો.નં.૯૯૭૮૦૦૭૨૦૪ | શ્રી દિપકભાઈ પટેલ, જનરલ મેનેજર (એ એન્ડ એફ)<br>મો.નં.૯૩૨૭૦૩૮૮૧૦ |
| ૨. | આર એન્ડ આર | શ્રી મનિષભાઈ શાહ, ડે.એચ.ઓ.ડી. (આર એન્ડ આર)<br>મો.નં.૯૩૭૬૧૯૫૭૨૨ | શ્રી દિપકભાઈ પટેલ, જનરલ મેનેજર (એ એન્ડ એફ)<br>મો.નં.૯૩૨૭૦૩૮૮૧૦ |
| ૩. | ગાર્ડન | શ્રી હર્ષિદા ચાવડા,ગાર્ડન સુપરવાઈઝર<br>મો.નં.૮૩૨૦૦૪૪૦૪૬ | ડો. આસિફ મેમન, જનરલ મેનેજર (ગાર્ડન)<br>મો.નં.૯૩૭૬૪૧૧૮૭૩ |
| ૪. | ટી.ડી.ઓ. | શ્રી વાય.વી. જોષી, આસી.ટી.ડી.ઓ.<br>મો.નં.૯૪૨૬૩૦૧૭૫૩ | શ્રી દિપકભાઈ પટેલ, જનરલ મેનેજર (એ એન્ડ એફ)<br>મો.નં.૯૩૨૭૦૩૮૮૧૦ |
| ૫. | ઈજનેર | શ્રી પલ્કેશભાઈ પરીખ, ડે.જનરલ મેનેજર (ટેક)<br>મો.નં.૯૩૨૭૦૩૮૭૦૧ | શ્રી જગદીશભાઈ પટેલ, ચીફ જનરલ મેનેજર (ટેક.)<br>મો.નં.૯૩૨૭૦૩૮૬૯૦ |
| ૬. | લાઈટ | શ્રી એ.એ.મલ, ડે.જનરલ મેનેજર (લાઈટ)<br>મો.નં.૯૩૭૬૦૧૭૫૬૫ | શ્રી વિશાલભાઈ નાયક,જનરલ મેનેજર (લાઈટ)<br>મો.નં.૯૭૧૨૯૬૭૭૨૪ |

## ૧૭.ઠરાવવામાં આવે તેવી બીજી માહિતી.

લાગુ પડતુ નથી.

# એનેક્ષર-એ

## પ્રમાણપત્ર

આથી પ્રમાણિત કરવામાં આવે છે કે,મારી વડી કચેરી તથા મારા વહીવટી કાર્યક્ષેત્રના આ સાથેની યાદી મુજબના સાબરમતી રિવરફ્રન્ટ ડેવલપમેન્ટ કોર્પોરેશન લી. દ્વારા માહિતી અધિકાર અધિનિયમની કલમ ૪ (૧) (ખ) અંતર્ગત સ્વયં જાહેર કરવાની બાબતો (પ્રો-એક્ટીવ ડીસ્કલોઝર) (P.A.D.) તૈયાર કરવામાં આવેલ છે અને તાઃ-૦૧/૦૫/૨૦૨૫ ની સ્થિતિએ અદ્યતન કરવામાં આવેલ છે જે બાબતે કોઇ ક્ષતિ રહેલ નથી તેમજ કોઇપણ પ્રકારની વિગતો બાકી નથી.

તાઃ- ૦૧.૦૫.૨૦૨૫ ની સ્થિતિએ હવે કોઇ જાહેર સત્તામંડળોના પ્રો-એકટીવ ડીક્લોઝર (P.A.D.) નું ઈન્સપેકશન-કમ-ઓડિટ બાકી રહેલ નથી.

તાઃ- ૦૬.૦૫.૨૦૨૫
મુખ્ય મથકઃ- સા.રી.ફ્ર.ડે.કો.લી.

(પ્રિતાના વડા)
જનરલ મેનેજર (એ એન્ડ એફ)
કચેરીનું નામઃ-સા.રી.ફ્ર.ડે.કો.લી.